# મકાઇની ચોકસાઇ પૂર્વકની ખેતી પધ્ધતિ પર રાજય કક્ષાની તાલીમ

## મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેઇઝ રીસર્ચ , ન્યુ દિલ્હી તથા મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર , આ.કૃ.યુ., ગોધરા તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર , સ.દાં.કૃ.યુ., ખેડબ્રહમાના સંયુકત ઉપક્રમે ગુજરાત રજયના કૃષિ વિભાગના વિસ્તરણ અધિકારીઓ તથા ગ્રામ સેવકોને મકાઇની "ઉત્તર ગુજરાત માટે ચોકસાઇ પૂર્વકની ખેતી પધ્ધતિ " પર તાલીમ આપવા માટે

તાલીમ તા.૬ અને ૭ ઓકટોબર , ૨૦૧૬ ના રોજ આયોજીત કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમનું ઉદ્દઘાટન ડૉ. કે.એ.ઠક્કર, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી , સં.દા.કૃ.યુ. , દાંતીવાડા દ્વારા કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં મકાઇની ઓછા ખર્ચે વધુ ગુણવત્તાસભર ઉત્પાદન લેવા માટે ચાવીરૂપ મુદ્દાઓના જુદા જુદા ૧૨ વિષયો ઉપર વ્યાખ્યાન વ્યાખ્યાતઓ દ્વારા આપવામાં આવેલહતા. જે ઉત્તર ગુજરાતમાં મકાઇ ઉગાડતા ખેડૂતો માટે ચોક્કસ ઉપયોગી બનશે. આ કાર્યક્રમમાં મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર , આ.કૃ.યુ., ગોધરાના કચેરીના વડા તથા સંશોધન વૈજ્ઞાનિકશ્રી (મકાઇ) ડૉ. એસ.એમ.ખાનોરકર દ્વારા ઉત્તર ગુજરાત માટે ભલામણ કરેલ મકાઇનીજાતો અં ગે છણાવટ કરેલ હતી. પ્રો.કે.એચ.પટેલ, (એગ્રોનોમી) દ્વારા મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી અંગે માર્ગદર્શન આપવામાં આવેલ હતું. તથા ડૉ.પીનાકીન પરમાર (બ્રીડીંગ) તથા ડૉ. ભરતભાઇ ઠક્કર (વિસ્તરણ શિક્ષણ) એ બીયારણ ઉત્પાદન તાંત્રિકતા અને પ્રથમ હરોળ નિદર્શન અંગે વ્યાખ્યાન આપેલહતા. તાલીમાર્થીઓના ફીડબેક પણ લેવામાં આવેલ હતા. એકદંરે તાલીમ ખૂબજ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ હતી.








